અપીલ અરજી નં.૪૦ તા.૧૩–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલાની તા.૩૧–૩–૦૯ ની અરજીથી સર્વે નં.૪૮૫ પૈકી ૪૯ અ,બ, બહુચર નગર કો.ઓ.હા.સો.વેડરોડની એસેસમેન્ટ એન્ડ રીકવરી આતામાં સને–૧૯૯૮ થી ૧૯૯૯,થી૨૦૦૬ સુધીમાં કયા કયા ઓફિસરોની નિમણૂંક થઈ? કઈ કઈ સાલમાં? તેમના પુરેપુરા નામ સરનામાં,પગાર, ઘરનો ફોન નંબર ,મો.નંબર તથા ઓફિસનો ટેલીફોન નંબરો, તુમારો ગુમ થયેલ વિગેરેની મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૩–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૦/૨૦૦૯–૧૦

શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલાની તા.૩૧–૩–૦૯ ની અરજીથી સર્વે નં.૪૮૫ પૈકી ૪૯ અ,બ, બહુચરનગર કો.ઓ.હા.સો.વેડરોડની એસેસમેન્ટ એન્ડ રીકવરી આતામાં સને–૧૯૯૮ થી ૧૯૯૯,થી૨૦૦૬ સુધીમાં કયા કયા ઓફિસરોની નિમણૂંક થઈ? કઈ કઈ સાલમાં? તેમના પુરેપુરા નામ સરનામાં,પગાર, ઘરનો ફોન નંબર,મો.નંબર તથા ઓફિસનો ટેલીફોન નંબરો, તુમારો ગુમ થયેલ વિગેરેની મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે મળેલ માહિતીમાં મુદ્દા નં.૪ સામે III ,IV ની માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૦ તા.૨૧–૫–૦૯ થી ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી/૨૩૬ તા.૨૯–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મૂળ અરજીની નકલ નોંધ વિભાગ તથા અરજદારને નં.એન.ઝેડ/એ.આર.ડી/૧૭૭ તા.૮–૫–૦૯ થી પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩૧–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ કતારગામઝોનના એસેસમેન્ટ એન્ડ રીકવરી ખાતામાં સને–૧૯૯૮ થી ૨૦૦૬ સુધીમાં કયા કયા ઓફિસરોની નિમણૂંક થઈ? કઈ કઈ સાલમાં? તેમના પુરેપુરા નામ સરનામાં,પગાર, ઘરનો ફોન નંબર,મો.નંબર તથા ઓફિસનો ટેલીફોન નંબરો, મુદ્દા નં.૨ સર્વે નં.૪૮૫ પૈકી ૪૦–અ–બ બહુચરનગર કો.ઓ.હા.સો.વેડરોડ સુરતના હોલ્ડર, કબ્જેદાર સને૧૯૯૮ થી ૨૦૦૬ થી કયા કયા એસેસમેન્ટ એન્ડ રીકવરી ખાતામાં કયા કયા ઓફિસરના સમયમાં નામ ટ્રાન્સફર થયા તે તમામ ઓફિસરના નામ સરનામાં અને ટેલીફોન નંબરો ઘર તથા ઓફિસના , મુદ્દા નં.૩ સદર મિલ્કતના તુમાર કઈ સાલમા ગુમ થયેલ તેની માહિતી, મુદ્દા નં.૪ તા.૧–૭–૮૬ ના કરાર જોવાની રજૂઆત કરેલ છે જેમાં બોગસ સહીઓ હોવાની રજૂઆત કરેલ છે.જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.એન.ઝેડ/એ.આર.ડી/૧૭૭ તા.૮–૫–૦૯ થી માહિતી આપવામાં આવેલ છે જે અગાઉ તા.૨૮–૭–૦૮ ની અરજી આ જ બાબતની અરજીઓના અનુસંધાનમાં વકીલશ્રીના અભિપ્રાય મુજબ યોગ્ય હકુમત વાળી કોર્ટમાં કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે. તા.૨–૩–૦૯ ના પત્રથી શહેર વિકાસ વિભાગમાં માહિતી આપવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ–૩ તા.૩૧–૩–૦૯ ની ઈન્વર્ડ નં.૧૮૯ તા.૩૦–૮–૦૫ ના આધારે આકારણી અને વસુલાત અધિકારીની તા.૩–૧૦–૫ ની મંજુરીથી પીઠાભાઈ છનાભાઈ વાણીયાનું નામ સદર મિલ્કતમાં કબ્જેદાર તરીકે દાખલ કરવામાં આવેલ છે તે અંગેના નામફેરના તુમારની અરજદારને પૂરી પાડયાનું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી ૪ પૈકી મુદ્દા નં.૧ અને ૨ ના જવાબો એન.ઝેડ/આ./૭૫૨ તા.૧૧–૫–૦૯ ના રોજ મળેલ હોવાનું અરજદારે તેમની અપીલ અરજીમાં જણાવેલ છે. પરંતુ તેની નકલ અરજદારે અત્રે અપીલ તબકકે માંગવા છતાં રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ નં.એન.ઝેડ/આ.નં.૭૫૨ તા.૧૧–૫–૦૯ ના રોજ ૧૯૯૮ થી ૨૦૦૬ સુધીના ઓફિસર તરીકે ફરજ બજાવેલ અધિકારીઓના નામ તથા અન્ય માહિતી દર્શાવતું પત્રક રજૂ કરેલ. જયારે બાકીના બે મુદ્દાના જવાબો બાકી હોય અપીલ અરજી કરેલ છે. અરજદારે મુદ્દા નં.૩ માં તુમાર ગુમ થયાની માહિતી માંગેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. પરંતુ તેની સાથે ગુમ થયેલ –નાશ થયેલ દફતર સહિતની ઉપલબ્ધ દફતરી વિગતો આરટીઆઈની કલમ–૪(૧)(બી) હેઠળના મેન્યુઅલ (૬) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની છે. જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ગુમ થવા બાબતે કોઈ વિગતો અત્રે પણ રજૂ કરેલ નથી. જે જાહેર સત્તા મંડળમાં પારદર્શિતા અને જવાબદારના માધ્યમથી હોવી અનિવાર્ય છે. જયારે અરજદારે મુદ્દા નં.૪ માં અરજદારની રજૂઆત માહિતી સબંધે નહીં પણ દસ્તાવેજમાં બોગસ સહીઓ અંગેની ચકાસણી કરવા અંગેની છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નોંધ વિભાગમાં જણાવ્યા અનુસાર અરજદારને પ્રસ્તુત કિસ્સામાં વકીલ શ્રી વી ડી. જાગીરદારનો અભિપ્રાય મેળવી સદર મિલ્કત બાબતે વકીલશ્રીના અભિપ્રાય મુજબ જે તે યોગ્ય હકુમતવાળી અદાલતમાંથી હુકમનામું મેળવી માલિકી હક રજૂ કરવા અંગે તેઓને તેઓની આ પ્રકારની અન્ય અરજીના અનુસંધાનમાં જણાવવવામાં આવેલ છે આમ મુદ્દા નં.૪ ખાતાકીય કાર્યવાહી હાથ ધરવાને લગતો જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ક્રમાંક નં.૪ ના મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી મળ્યાની અરજદારે અપીલ અરજીમાં જણાવેલ હોઈ તે અંગે કોઈ તકરાર નથી. જયારે મુદ્દા નં.૩ અંગે નહીં પૂરી પડાયેલી દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૪ માહિતી સબંધિત ન હોય તેમજ તે અંગે કરવા જોગ કાર્યવાહી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી તેઓની અન્ય આ પ્રકારની અરજી સબંધે જણાવવામાં આવેલ છે. જેથી આ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ – ૦૯

***ઈ.ચા.એપેલેટ ઓફિસર***
***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિર્મલાબેન વસંતલાલ જરીવાલા, ૨/૧૩૮૭, હનુમાન શેરી, સગરામપુરા, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.